**ક્રિમીનલ ઈન્કવાયરી નં.૪૪/૨૦૧૮**

**આંક–૧ લગત હુકમઃ**

ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ આરોપીઓ વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યા અંગેની દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર ફરિયાદના કામે ફરિયાદીનું તા.૦૯/૦૮/૨૦૧૮ ના વેરીફિકેશન લેવામાં આવેલ અને ત્યારબાદ સદર કામ પોલીસ તપાસ થવા સારૂ પેન્ડીંગ રાખેલ. સદર કામે પોલીસ તપાસનો રીપોર્ટ રજુ કરવા સારૂ અત્રેની અદાલત દ્વારા કલોલ શહેર પો.સ્ટે.ને યાદી કરતાં, કલોલ શહેર પો.સ્ટે. દ્વારા આંક–૦૪ થી સદર ફરિયાદના કામે પોલીસ તપાસનો રીપોર્ટ રજુ રાખેલ છે.

સદર પોલીસ તપાસનો રીપોર્ટ ધ્યાને લેતાં ફરિયાદીની ફરિયાદ મુજબ બનાવ બનેલ હોવાનું અને આરોપીઓએ ફરિયાદી સાથે છેતરપિંડી કરેલ હોવાનું તપાસ કરતાં માલૂમ પડેલાનું તપાસ અધિકારીએ જણાવેલ છે.

ઉપરોક્ત ફરિયાદની હકીકતો, તપાસ કરનાર અધિકારીશ્રીનો રીપોર્ટ તથા રજુ થયેલ સાહેદોના નિવેદનો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી નં.૧ ભરતભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિ વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલો પુરતો પુરાવો જણાઈ આવે છે, જ્યારે આરોપી નં.૨ વિરૂદ્ધ કોઈ પુરાવો જણાઈ આવતો નથી. તેવા સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **આખરી હુકમ** //

- ➔ સદરહું ફરિયાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૪ મુજબ **"અંશતઃ મંજૂર"** કરવાનો આથી, હુકમ ફરમાવવામાં આવે છે.
- ➔ સદર ઈન્કવાયરીને ક્રિમીનલ કેસ દાખલ રજીસ્ટરે દાખલ લઈ, ક્રિમીનલ કેસ નંબર પાડવો.
- ➔ આરોપી નં.૧ ભરતભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિને **મુદ્દત તા.૦૬/૦૮/૨૦૨૬** ના રોજનો સમન્સ ઈસ્યુ કરવો.

હુકમ આજરોજ તારીખ **૦૬** માહે **જુન**, સને **૨૦૨૬** ના રોજ જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૬.૦૬.૨૦૨૬<br>સ્થળઃ કલોલ. | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાચી )**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |